R.N.I.No. : 11555/1966
Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 55 Issue No. 11
February - 2012

## સંબંધ

આ વિશ્વમાં દરેક પ્રાણીનો એકબીજા સાથે સંબંધ હોય છે, પછી તે લાગણીનો હોય, સગપણનો હોય, સામાજીક હોય, રાજકીય હોય, ધાર્મિક હોય કે ગમે તે રીતનો હોય પણ સંબંધ વગરનો પ્રાણી રહી શકતો નથી.

યુવક યુવતીનો પરિણય સંબંધ થયા પછી વેવિશાળ થાય છે ત્યારે તે યુવકને પતિ તરીકે સ્વીકાર્યા બાદ તેના કુંટુંબ સાથેનો સંબંધ બંધાય છે. પતિના સમસ્ત પરિવારને પોતાના કરવા માટે લાગણીનો સંબંધ બાંધવો પડે છે. નમ્રતાનો સંબંધ બાંધવો પડે છે.

તેવી જ રીતે વિશ્વનિયતા ભગવાન સાથે ભક્તિ દ્વારા તેનો સંબંધ ભલે બાંધીએ પરંતુ તેનો પરિવાર તો સંતો અને ભક્તો છે.

જેમ પતિના પરિવારમાં કોઈ વ્યક્તિ સાથે સ્વભાવનો મેળ ન ખાય તેમ છતાં કન્યાએ તો તેમના સ્વભાવનો મેળ કરવો જ પડે છે કારણ પતિને-નાથને રાજી રાખવાના છે. તેમ કોઈ સંત કે ભક્ત સાથે સ્વભાવ મેળ ન થાય તો પણ તેમના સાથે સ્વભાવ મેળ કરવો જ પડે છે કારણ પ્રભુને રાજી રાખવા છે.

તો આપણે બધા સાથે મેળ કરવો જ પડશે. વ્યક્તિ પ્રત્યેનો દેષભાવ સંખ્યાબધ દોષોને જન્મ આપે છે અને આ દોષો દુઃખને આમંત્રે છે અને સુખના સાગર જેવા જે ભગવાન છે તેનાથી આપણને વિખુટા પાડે છે.

માટે આપણે બધાની સાથે સંપીને રહેવું. ભલે કદાચ આપણું ધાર્યું ન થાય તો તે વાતને મુકી દેવી પણ બધાની સાથે હળીમળીને રહેવાથી તમો ભગવાનની સમીપે જઈ શકો છો.

- સંકલન

**2nd Cover Page**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રીમતી મીનાબહેન સુધીરભાઈ ધારિયા (રંગુનવાલા) પુરસ્કૃત
# ઉપનગર વિભાગ સહર્ષ યોજે છે નાટક

## નવું નાટક

**સ્થળ :** પ્રબોધન ઠાકરે હોલ, ચામુંડા સર્કલ પાસે, મંડપેશ્વર રોડ, બોરીવલી

**સમય :** સવારના ૯.૩૦ કલાકે, **તારીખ :** ૧૧-૩-૧૨ રવિવાર

**ટીકીટના દર : A** થી **M** ના રૂપિયા ૫૦/-, **N** થી **U** ના રૂપિયા ૪૦/-, **V** થી **CC** ના રૂપિયા ૩૦/- રહેશે.

**ટીકીટ વેચાણની તારીખ :** ૨૬-૨-૧૨ રવિવાર સવારના ૧૦ થી ૧૧.૩૦ **સુધી**

### ટીકીટ વેચાણનું સ્થળ :

૧) **ગાંધી નિમિશ બાબુલાલ** - બી/૩૧, રાજેશ ૩ જે માળે, શંકરલેન, કાંદિવલી વેસ્ટ.

૨) **પરીખ દક્ષેશ સોમાલાલ** - ૨૩/૨૪, સિદ્ધિ અપાટેમેન્ટ, સકતી નગર, માર્વે રોડ, મલાડ વેસ્ટ.

૩) **શાહ હેમેન્દ્ર રમણલાલ** - સી/૩૦૨, સુમેરનગર, એસ.વી. રોડ, બોરીવલી વેસ્ટ.

૪) **દેસાઈ હીમાન્સુ હરીશભાઈ** - ૯/૧૨, ધાસવાલા બીલડીંગ, રૂ નં. ૫, એમ.વી.રોડ, અંધેરી ઈસ્ટ.

**જો ટીકીટ વધારે હશે તો મુંબઈમાં નીચેના સ્થળે ટીકીટો મળશે જેનો સમય ૧૨ થી ૪ રહેશે.**

૧) **કડકિયા ગોપાલ રમણલાલ** - ૨૯/બી, ભાંગવાડી, ૨ જે માલે, કાલબાદેવી રોડ, મુંબઈ - ૨

૨) **મોદી સૌમિલ જીતેન્દ્રભાઈ** - ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુંબઈ - ૩

**આ પ્રોગ્રામ ફક્ત બાલાસીનોરવાસીઓ પુરતો મર્યાદિત છે.**

**મંત્રી** — **સંયોજક**

**ભાવેશ મોદી** — **નિમિશ ગાંધી**

# જ્યોતિ પુંજ


વર્ષ અંક તારીખ

૫૫ ૧૧ ૧૪-૦૨-૨૦૧૨

છુટક કીંમત : **રૂ.૧/-** વાર્ષિક લવાજમ : **રૂ.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

ફોન : ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


# બધા દુઃખનું મુળ 'અપેક્ષા'

**તંત્રી સ્થાનેથી**

નાનપણમાં વાર્તા વાંચેલી, એક વાલ્યો લુટારો હતો, જંગલમાં જતાં આવતાં લોકોને લુંટતો. એક વાર એક સાધુ જંગલમાંથી પસાર થયા, એની પાસે લુંટવા જેવું તો કંઈ હતું નહી. એટલે વાલ્યાએ એની મશ્કરી કરવા માંડી. સાધુએ એને પુછ્યું તું આ બધી લુંટફાટ કોના માટે કરે છે? વાલ્યાએ જવાબ આપ્યો ''મારા કુટુંબ માટે, એના ભરણપોષણ માટે'', સાધુએ ફરી પુછ્યું ''શું તારા આ પાપમાં તારા કુટુંબીજનો પણ ભાગીદાર થશે?'' વાલ્યાએ વટથી કીધું ''હા, હા મારી આવકમાં તેઓ ભાગીદાર છે તો મારા પાપમાં પણ ભાગીદાર થશેજ.'' સાધુએ એને આ વાત કનર્ફમ કરવા કહયું. વાલ્યા ઘરે ગયો પુછવા માટે, પરંતુ મા બાપ, પત્ની, બાળકો બધા તરફથી જવાબ મળ્યો, અમે તારા કુટુંબીજનો છીએ તારી આવકમાં અમારી ભાગીદારી, તારા પાપમાં અમને કોઈ ભાગીદારી ન જોઈએ. પાપતો તારા પોતાના. વાલ્યાની ભ્રમણા તુટી ગઈ. કુટુંબીજનો પાસેથી રાખેલી અપેક્ષા ફળીભુત ન થઈ અને કહેવાય છે કે સાધુના પગમાં પડીને એજ ક્ષણે એણે લુંટફાટ છોડી દીધી અને વાલ્યામાંથી વાલ્મીકી બન્યા કે જેણે રામાયણ લખ્યું. આટલી નાનકડી વાર્તામાંથી મને અનેક વસ્તુઓ વિચારતી કરી મુકે છે. વાલ્યામાં મને દરેક માનવીનો ચહેરો દેખાય છે જે ગામ છોડીને શહેરમાં કે દેશ છોડીને વિદેશમાં પોતાના કુટુંબ માટે કમાવા જાય છે. કાળી મહેનત અને દુઃખ વેઠીને કુટુંબને પૈસા મોકલે છે અને

જ્યારે એ કુટુંબીજનો પાસે, બાળકો પાસે પાછો આવે છે ત્યારે એને સાંભળવા મળે છે ''તમે અમારા માટે કર્યું છે શું ?'' તમે અમારો ઉછેર કે દેખભાળ ક્યાં કરી છે ?'' મોટાભાગના પુરુષો પોતાના કુટુંબીજનો માટે જ તનતોડ મહેનત કરતાં હોય છે. કાળાધોળા કરતા હોય છે. પરંતુ આજે પણ કદાચ એ પોતાના કુટુંબીજનો ને પુછે કે તમે મારા પાપમાં ભાગીદાર છો તો કદાચ નકાર જ મળે.

જો કે મારે વાત આજે વાલ્યાએ રાખેલી અપેક્ષાની કરવી છે. એણે કુટુંબીજનો પાસેથી સુખ દુઃખ, પાપ પુણ્ય બધામાં ભાગીદારીની અપેક્ષા રાખેલી અને જ્યારે આ અપેક્ષા ફળીભુત ન થઈ ત્યારે દુઃખી થઈને એણે સાધુત્વ સ્વીકાર્યું. આપણા જીવનમાં પણ જોઈશું તો સમજાશે. બધા જ દુઃખોનું મુળ અપેક્ષા જ હોય છે. (બધી અપેક્ષાબેનો માફ કરે. તમારા પતિના દુઃખોનું કારણ તમે છો એમ કહેવાનો આશય નથી).

માનવ જીવનના દરેક સંબંધોમાં અપેક્ષા હોય છે. માબાપ ને બાળકોના સંબંધમાં પ્રેમ સિવાય, આજ્ઞાંકિતતાની અપેક્ષા, ભવિષ્યમાં મને સાચવશે એની અપેક્ષા, મારું કહયું માનશે, મારી નજરે જ દુનિયાને જોશે, મને પુછીને કે કહીને જ કોઈ પણ કામ કરશે, મારી અધુરી ઈચ્છાઓ પુરી કરશે, મને સૌથી વધુ માન આપશે, જેવી અનેક અપેક્ષાઓ હોય છે. પતિ પત્નીના સંબંધોમાં ફરી પાછી બિનશરતી પ્રેમની અપેક્ષા, રૂપના કે કામના વખાણની અપેક્ષા, પ્રસંગોપાત ગીફટની અપેક્ષા, સંબંધોમાં વફાદારીની અપેક્ષા, પત્ની માટે હંમેશા આદર્શ ગૃહણીની અપેક્ષા, શયને શું રંભા, કાર્યે શું મત્રીને, ભોજને શું માતા તરીકેની અપેક્ષા, પતિ ધીરૂભાઈ અંબાણી, સલમાનખાન અને પોતે પાળેલા શ્વાનનું મિશ્રણ હોય એવી અપેક્ષા. ભવિષ્યની સલામતી વ્યવસ્થાની અપેક્ષા, ભાઈ બહેનના સંબંધમાં શરૂઆતમાં પ્રેમ અપેક્ષા રહિત હોય છે પણ બન્નેના લગ્ન પછી પરિસ્થિતિ બદલાય છે. મારા ભાઈએ વારતહેવારે વ્યવહાર કરવો જોઈએ, મારા પતિનું સન્માન સચવાવું જોઈએ એવી અપેક્ષા, પરિસ્થિતિ સારી ન હોય તો મદદની અપેક્ષા, સામે ભાઈ પણ પત્ની આવ્યા પછી બદલાતા હોય છે. પત્નીનું માન સાચવવાની અપેક્ષા અને બહેન નણંદપણુંના બજાવે એવી અપેક્ષા ઘણીવાર સંબંધોને તંગ કરી ને છુટી પણ જતાં હોય છે. ભાઈ-ભાઈમાં પણ મોટા થયા પછી એકબીજા પાસેથી ઘણી બધી અપેક્ષાઓ રખાતી હોય છે. ધંધામાં સાથે હોય તો પાછી અપેક્ષાઓ ભાગીદારી પણ છોડાવતાં હોય છે. સૌથી વધુ અપેક્ષાઓ મૈત્રીમાં રખાતી હોય છે. ભલે નિર્દોષ મૈત્રી ગણાતી હોય પણ શાળામાં હોશિયાર મિત્રો કરવાની અને એમની પાસેથી નોટસ મેળવવાની અપેક્ષા હોય જ છે. તોફાની મિત્રો સાથે તોફાન કરતાં પકડાઈએ તો મિત્ર પાસે વફાદારીપુર્વક નામ ન આપવાની અપેક્ષાઓ હોય જ છે. પણ આ નાની નાની અપેક્ષાઓ મૈત્રી તોડવા સુધી નથી લઈ જતી. પરંતુ મોટા થઈએ એમ મૈત્રી સ્ટેટસ જોઈને, પૈસા જોઈને, લાભ જોઈને થતી હોય છે. જેમાં ઘણી બધી અપેક્ષાઓ રખાતી હોય છે અને અપેક્ષાઓ મુજબ મૈત્રી બંધાતી ને તોડાતી હોય છે. આમ દરેક માનસંબંધોમાં અપેક્ષાઓ ક્યાંક ને ક્યાંક હોય જ છે. આ દરેક અપેક્ષા ક્યારેક ને ક્યારેક પુરી થવામાં ઉણી ઉતરે છે, કાં તો નિરાશ કરે છે ત્યારે માનવી દુઃખી થાય છે. આપણે પણ દરેક સંબંધોમાં કયાં સામે વાળાની અપેક્ષા ઉપર ખરા ઉતરતાં હોઈએ છીએ ? આપણે પણ જાણે અજાણે બીજાની અપેક્ષાઓ તોડીને એને દુઃખી કરતાં જ હોઈએ છીએ. તો પછી અપેક્ષા વગરના સંબંધો ક્યાં બાંધવા. કોક કહેશે આપણો ને ભગવાનનો સંબંધ અપેક્ષા વિનાનો હોય છે.

આ વાત મને ખોટી લાગે છે. કદાચ આ સંબંધમાં એક તરફી અપેક્ષા હોય છે. કેટલાં લોકો મંદિરે ફક્ત ભગવાન પાસે કૃતજ્ઞતા વ્યક્ત કરવા જતાં હોય છે? મોટા ભાગના લોકો ભગવાન પાસે અપેક્ષાઓ લઈને જતાં હોય છે. પ્રસાદ ચઢાવવાથી આ લાભ થાય, ને ઉપવાસ કરવાથી પેલો . જાત્રા કરવાથી સારું થાય ને રાજભોગ કરવાથી પ્રગતિ થાય. આ બધી અપેક્ષાઓ લઈને જ આપણે ભગવાન પાસે જતાં હોઈએ છીએ. પણ આ સંબંધમાં દુઃખ એક જ બાજુ થતું હોય છે. ભગવાને મારી સામે ના જોયું, મારી અપેક્ષા પુરી ના કરી એનું દુઃખ. ભગવાન આ સંબંધમાં દુઃખી નથી થતાં, (કદાચ થતાં પણ હોય કે આ જો માંગણ આવ્યો, હંમેશા માંગવાજ આવે છે. કોઈ દિવસ થેક્યુ પણ કહેતો નથી.) આમ બધાજ દુઃખોનું કારણ મને તો અપેક્ષા જ લાગે છે. જે સંબંધોમાં અપેક્ષાઓ વધુ એ સંબંધો દુઃખનું કારણ બનવાની શક્યતા વધુ. માણસ પરિસ્થિતિ કરતાં વધુ અપેક્ષાઓના તુટવાથી દુઃખી થતો હોય છે. તો આ દુઃખ ઓછું કરવાનો ઉપાય શું? શબ્દોમાં સહેલું છે. ''અપેક્ષાઓ ન રાખવી'' પણ વ્યવહારમાં આ એટલું જ મુશ્કેલ છે. છતાં ધીરે ધીરે મનને તૈયાર કરવું જ રહ્યું. કોક ને પ્રેમ કરીએ, મદદ કરીએ કે માન આપીએ સામે એવાજ વ્યવહારની અપેક્ષાઓ ઓછી કરતાં જવાની જરૂર છે. મે સામેવાળા માટે કંઈક કર્યુ. એ ભાવનાજ ન આવવી જોઈએ નહી તો એમાંથી 'એણે પણ કંઈક કરવું જોઈએ'ની અપેક્ષા જન્મતી હોય છે. 'એણે મને ફોન ન કર્યો' કરીને કે 'મને મળવા ના આવ્યો' એનું દુઃખ કર્યા કરતાં સામેથી ફોન કરીને કે મળીને દુઃખી થતાં બચી જવાય છે. જરૂર છે સ્વ અભિમાન ત્યાગવાની. એક ભાઈને જુના મિત્ર સાથે સંબંધો તુટી ગયેલા, પેલા મિત્રની દીકરી માટે એ ભાઈને નાનપણથી ખુબ પ્રેમ મિત્ર એ દીકરીના લગ્નમાં એ ભાઈને ના બોલાવ્યા. છતાં પણ દુઃખી થયા વગર એ ભાઈ મિત્રની દીકરીને આશીર્વાદ આપવા પહોંચી ગયા. મિત્રે દીકરીનાં લગ્નમાં બોલાવવો જોઈએ એવી અપેક્ષા ને પાર કરીને એ ભાઈ પોતે દુઃખી થવાથી બચી ગયા અને મનમાં દીકરીને આશીર્વાદ આપવાની ઈચ્છા પણ અધુરી ન રાખી. જોકે પેલા મિત્રને આવી સરસ મૈત્રી છોડી દેવા બદલ અને એ ભાઈને ન બોલાવવા બદલ પસ્તાવાનું દુઃખ થયું પણ સંબંધો પાછા બંધાઈ ગયા. આમ આપણા હાથમાં હોય તો એટલું જ કે અપેક્ષાઓ ઓછી કરતાં જવાની અને સામે વાળાની અપેક્ષાઓ આપણે તોડીએ નહી એવી સભાનતાથી સંબંધો સાચવતા જવાની જરૂર છે. લાભ બંન્ને બાજુ થશે, આપણે દુઃખી થવામાંથી બચી જઈશું અને સામે વાળાને દુઃખી કરવાના અપરાધભાવથી પણ બચી જઈશું. હા! અપેક્ષા રાખવી જ હોય તો કોઈ માનવી પાસેથી નહી પણ જીંદગી પાસેથી જરૂર રાખવી. જીંદગી હંમેશા અપેક્ષા પુરી કરવા તરફ જતો રસ્તો દેખાડી જ દેતી હોય છે. એ રસ્તા ઉપર આપણે કેવો ને કેટલો પ્રવાસ અને પ્રયાસ કરીએ છીએ એની ઉપર આધાર રાખે છે કે આપણી અપેક્ષા કેટલી હદ સુધી પરિપુર્ણ કરી શકીએ. અપેક્ષા પુરી કરવાનો એક ચાન્સ તો જીંદગી આપે જ છે. બાકી બહુ ઓછા કમનસીબ લોકો હોય છે જેને અપેક્ષા પુરી થતાં પહેલાં જીદગી જ ટુંકી થઈ જતી હોય છે. ખેર! કોઈની પણ પાસે અપેક્ષા ન રાખવાની શરૂઆત આજથી શરૂ કરીએ, ચાલો આ લેખ ગમે તો પણ ફોન કરીને બે સારા શબ્દોની અપેક્ષા આપ વાચકો પાસેથી નથી રાખતો બસ. પણ વાત અમલમાં મુકશો તો દુઃખી થવાથી જરૂર બચી જશો.

મારી વાત માનશોજ એવી અપેક્ષા સહ

**- નિખિલ પરીખ**

✤✤✤✤✤

# પ્રારબ્ધ અને પુરુષાર્થનું દ્વંદ્વ

**- પ્રવીણ દેસાઈ**

વાચન મારો પ્રેમ છે. જીવનમાં પુસ્તકો મહત્વનું સ્થાન ધરાવે છે. ખૂબ નાની વયે વાંચવાનું શરુ થયું, ત્યારે સૌ પ્રથમ પુસ્તક હાથમાં આવ્યું તે, ઝવેરચંદ મેઘાણીનું 'માણસાઈના દીવા' આ પુસ્તકે મારી વાચનભૂખને પ્રદીપ્ત કરી. આજે જીવનનો આઠમો દાયકો પૂર્ણ કર્યો છે ત્યારે પાછળ ફરી જોઉં છું તો કૈં કેટલાં પુસ્તકો, મેગેઝીનો, સાપ્તાહિકો, અખબારો વાંચ્યાં તેની ગણતરી થઈ શકે એમ નથી! તેમાંય ૬૨ વર્ષની વયે વ્યવસાયમાંથી નિવૃત્તિ લીધી ત્યારે જે શૂન્યાવકાશ જીવનમાં સર્જાયો તેની પૂર્તિ થઈ એ વાચન દ્વારા ૧૯૯૩ થી ૨૦૦૯ સોળ વર્ષ સુધી વાચનયાત્રા કવિમિત્ર સ્વ. બિપિન પરીખ સાથે ચાલી તેનો ઉલ્લેખ કરુ તો દર વર્ષે સરેરાશ ૩૦/૩૨ પુસ્તકોના વાચનની સંખ્યા લગભગ ૫૦૦ પુસ્તકો જેટલી થવા જાય છે. એમાં વાર્તાઓ, નવલકથાઓ, નિબંધો, ચિંતનાત્મક ગદ્ય, કાવ્યો સવિશેષ.

આજે વાત કરવી છે તે સ્વ. મહનર મોદી જેવા આપણી ભાષાના સમર્થ ગઝલકાર અને કવિની અત્રે નિર્દિષ્ટ બે પંક્તિઓથી :

'હલેસાંઓ હેઠાં પડી જાય ત્યારે
આ હોડીને ધક્કાઓ મારે છે પાણી'

આપણા જીવનમાં પ્રારબ્ધ અને પુરુષાર્થનું દ્વંદ્વ અવિરત ચાલતું રહે છે. આ વાતને માત્ર બે પંક્તિઓમાં કવિએ બખૂબી અને ખૂબ સચોટતાથી વ્યક્ત કરી છે. સાવ સરળ ભાવાર્થ જોઈએ તો નાવિક નાવ ચલાવતાં થાકી જાય અને એનાં હલેસાં હેઠાં પડી જાય ત્યારે હોડી તો વાતાવરણ અને પાણીના સહારે જ ચાલતી રહે છે. પાણી જ હોડીને ધક્કાઓ મારી ચલાવે છે.

માનવીના જીવનમાં પુરુષાર્થ કામ નથી આવતો ત્યારે નિરાશ થઈ જાય છે. ખૂબ મહેનત અને ખંતપૂર્વક કરેલું કામ પણ ધાર્યું ફળ નથી આપતું, ત્યારે કેવળ નસીબ પ્રારબ્ધને શરણે જાય છે. પુરુષાર્થનાં હલેસાં હેઠાં પડી જાય છે અને જીવનના ભવસાગરમાં હોડીને પાણી રૂપી નસીબ જ ધક્કા મારે છે.

પ્રારબ્ધ એટલે મળેલી તકનો જીવનમાં વિનિયોગ કરવો. આ નથી બનતું ત્યારે આપણો પુરુષાર્થ એળે જાય છે. આ દ્વંદ્વ પુરુષાર્થ અને પ્રારબ્ધનું હંમેશાં ચાલતું જ રહે છે.

વણાટ શરુ કરો, ઈશ્વર તમને દોરો આપશે'

-ફિનલેન્ડની કહેવત

નોંધ : વૈધરાજ રાજેશભાઈ શ્રોતિયા-બાલાસિનોરની કેબીનમાં આ બે પંક્તિઓ વાંચવા મળી હતી. સ્મૃતિના આધારે.

'ભાગ્યની રેખા કદિ પુરુષાર્થને ઘડતી નથી
ને નર્યા પુરુષાર્થને રેખા કદિ નડતી નથી.

## નમું તને...

નમું તને આજ સ્વાતંત્ર્ય દેવી!
કરોડો જનોની તું એક આશા,
ભલે ખૂબ ગાઢાં તિમિર હો છવાયાં
વ્યાપી ભલે હો સઘળે નિરાશા
નહિ વ્યર્થ થાશે વીરોની શહાદત
આજે કરું છું એવી ઈબાદતઃ
જયઘોષ હો તવઃ સદા, સર્વ દેવી
તને નમું હું સ્વાતંત્ર્ય દેવી!

**- પ્રવીણ દેસાઈ**

બીજાઓને નુકસાન પહોંચાડવા કરતાં પોતે પીડા ભોગવી લેવી સારી. **- સોક્રેટિસ**

# Shree Balasinor Navyuvak Sangh
# Presents
# Balasinor Premir League T20 Trophy 2011-12
# KADAKIA ENTERPRISE BPL T20 Trophy 2nd EDITION

The FINALS of KADAKIA ENTERPRISE BPL T20 trophy between Lalkha Tigers v/s Apex Wonder Boys was played on 7th January 2012 at Police Gymkhana, Marine drive. It was a day/night affair.

The toss was won by LALKHA TIGERS captain KINJAL PARIKH and they opted to field first.

The match started at 6.30 p.m. Apex Wonder Boys scored 133/8 in the stipulated 20 overs. Niren Dharia was the mainstay of their batting line up with a respectable 47 runs with some resistance at the end by Tejas Shah scoring 23 runs. For the Lalkha Tigers Shamik Shah took 2/24 with Pankaj Kadakia, Roopesh Modi & Senjeev Dharia Chipping with 1 wkt each.

Lalkha Tigers had a bad start when they were 24/4 with excellent spell of 3 wkts from Samir R. Desai, but then Kinjal Parikh played a captain's knock (69 runs of 39 balls) in a parthership of 83 runs with Dharav Parikh (26 runs of 25 balls). Samir R. Desai was Apex's best bowler with 4/28 & Nitin Gandhi, Sanjay Mody, Dipen Mody taking 1 wkt each.

LALKHA TIGERS won by 5 wkts.

The presentation ceremony was carried out with a cash prize, trophy & medal awarded to winning team players of LALKHA TIGERS.

The award of BEST BATSMAN OF THE SERIES - Niren Dharia for scoring 267 runs in the series.

The award of BEST BOWLER OF THE SERIES - Nitin Gandhi for taking 15 wkts in the series.

The prestigious award for MAN OF THE SERIES was given to Niren Dharia.

The trophy was presented to Shri DILIP DHARIA (Lalkha) by Shri Minish Kadakia & cash prize was awarded by Shree Balasinor Navyuvak Sangh President Shri Kalpesh Dharia.

The runner up trophy was presented to Shri PARIMAL SHAH by Shri Minish Kadakia & the cash prize was awarded by the BPL committee Members. Congratulation to BPL team owner SHRI DILIP DHARIA (Lalkha) for winning the trophy for second time in succession. Congratulations to captain Kinjal Parikh for leading the team to a glorious victory.

Final Scoreboard : APEX WONDER BOYS 133/8 (Niren Dharia 47, Tejas Shah 23, Shamik Shah 2/24) LALKHA TIGERS 136/8. (Kinjal Parikh 69, Dharav Parikh 26, Samir R. Desai 4/28). LALKHA TIGERS won by 5 wkts.

With this we come to end of two year contract with all the six owners & we whole heartedly thank the below for the same.

(1) Shree Balasinor Navyuvak Sangh.

(2) BPL team owners Shri Dilip Dharia (Lalkha Tigner), Shri Surendra Parikh (Red Bulls), Shri

Parimal Shah (Apex Wonder Boys), Shri Rakesh Kadakia (Vishesh Challengers), Shri Alpesh Dharia (Dharia's Stallions), Shri Nimesh Kacheria & Shri Ashish Gandhi (Balasinor Lions.)

(3) BPL trophy Co- sponsorer Shri Daxesh Kadakia & Shri Minish Kadakia.

(4) Clothes Co-sponsorer, Shri Chandrakant Kadakia (C.B.Trading Corp.)

(5) Cricket Kit & Dug Co-sponsorer Shri Amrish Kacheria (Prabhat Cables Pvt Ltd.)

(6) Commentry Co-sponsorer Shri Girish Parikh & Shri Rupin Kadakia (Unity Sanitary Wares)

(7) Dj Co-sponsorer Shri Nitin Parikh (United Industrial Agency)

(8) Best Catch & Max Sixes Co-sponsorer Shri Suketu Parikh (Heatreaters & Engineers)

(9) BPL TOP XV Co- sponsorer Shri Danjay Mody & Shri Samir Mody (Shreeji Sales Corporation.)

Our various Trophy co-sponsorers Shri Yogesh Dharia, Shri Rajendra Desai, Shri Nimesh Kadakia & Quick Industrial Supplies Pvt Ltd.

Our Co-sponsorer of Hoardings on the Boundary lines.

Thank you for your kind support without which this tournament would not have got the charm & appreciation.

**BPL CONVENOR**

**KINJAL PARIKH**

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# UNDER 16 CRICKET MATCH

CHILDREN BORN AFTER 1-1-1997 & BEFORE 1-1-2002 WILL BE ELGIBLE TO PLAY IN THIS MATCH HOWEVER THOSE BOYS STUDYING IN STANDARD XTH ARE ALSO ELEGIBLE.

Exceptionall TALENTED BOYS, IRRESPECTIVE OF BEING SMALLER IN AGE WILL ALSO BE ALLOWED ON APPROVAL FROM THE COMMITTEE.

**RULES & REGULATIONS** :

(1) Last Date of entry 17-3-2012 (SAT)

(2) After the due date of the filling up the forms, no forms will be accepted under any circumstances.

(3) Forms will be accepted at the following places:

(A) B.N.S. office (Office hours) Mon-Sat From 7.00 pm. to 8.00 pm & Sun 9.30 am. to 12.00 am.

(B) Kinjal P. Parikh C/o Vijay Trading Corporation, 151, Narayan Dhuru St. 1st Floor, Ashoka House, Mumbai - 3. (9820815584)

(C) Nirav Desai C/o Globus Holidays, 68-72 Babu Genu Road, Kalbadevi, New Hanuman Lane, Marine Lines, Mumbai - 2. (9323846842)

(4) On first come first serve basis, 26 players will be picked for the match.

(5) Entery fee will be Rs. 400 for the match.

(6) In case of any queries please feel free to contact the undersigned.

**Thanking you,**

**CHIRAG PARIKH (Convenor) 9821574856**

# MIDDAY T 10 CRICKET TOURNAMENT

As we had informed that our team took part in the MIDDAY T10 CRICKET TOURNAMENT, wherein we played three matches.

We won the first match but lost the next two matches, hence we went out of the tournament. However we proudly had our community name in the Midday edition for being the only new team to win their first match this year. It was a great learning effort for our players who played for the first time in such a tournament. We thank Shree Balasinor Navyuvak Sangh for allowing us to take part in such a tournament and we hope our team gives a better effort in the future and bring more glory to our community.

**CONVENOR - CHIRAG PARIKH**

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# BNS LALKHA BEAR T20 TOURNAMENT 2011-2012

Last date of filling the forms for LALKHA-BERA T20 is 25th Feb 2012. Only 60 entries will be accepted on First - Cum - First serve Basis. Fees for 2 matches will be Rs. 600. Please Fill your forms any of the below offices.

(1) Kinjal P. Parikh C/o Vijay Trading Corporation, 151, Narayan Dhuru St. 1st Floor, Ashok House, Mumbai - 3 (9820815584)

(2) Nirav Desai C/o Globus Holidays, 68-72 Babu Genu Road, Kalbadevi, New Hanuman Lane, Marine Lines, Mumbai - 2. (9323846842)

Thanking you,

**CHIRAG PARIKH**
**(Convenor) 9821574856**



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

શ્રીમતી શાંતાબહેન કાંતિલાલ લાલચંદ દોશી પુરસ્કૃત શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત મહિલા વિભાગ દ્વારા તા. ૧૨-૧-૧૨ ગુરુવારે એક દિવસીય great escape નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૦ બહેનોએ ભાગ લીધો હતો. એક બસ તારદેવથી અને એક બસ બોરિવલીથી ઉપાડવામાં આવી હતી. બસમાં નાસ્તો ખાતા, પાનાની ગેમ અને અંતાક્ષરી રમતા રમતા લગભગ દસ વાગે great escape પહોંચ્યા હતા. ત્યાં પહોંચી ચા-નાસ્તો કરી બહેનોએ water-rides ની મજા માણી હતી. ત્યાર બાદ બપોરે બે વાગે જમીને મહિલા વિભાગ દ્વારા હાઉસી, એક લખવાની ગેમ તથા એક alphabetes ની ગેમ રમાડવામાં આવી હતી. ગેઈમ રમ્યા બાદ ચા-કોફી પીને થોડો આરામ કર્યા બાદ ત્યાં જ જમીને લગભગ સાડા છ વાગે બસમાં બેસી સાડા નવ સુધી સૌ મુંબઈ પહોંચ્યા હતા.

કાશ્મીરા હરેન્દ્ર મોદી તરફથી Picnic માં રમાડવામાં આવેલા ગેઈમના prize તથા આવનાર સૌને એક પ્લાસ્ટિક કન્ટેનર આપવામાં આવ્યો હતો. મહિલા વિભાગ તેમનો તથા તેમના કુટુંબીજનોનો આભાર માને છે.

### આગામી કાર્યક્રમ.

તા. ૧૪-૩-૧૨ બુધવારે બપોરે ૨.૩૦ કલાકે Lady Tarabai Hall મરીન લાઈન્સ સ્ટેશનની બાજુમાં Housie Game રાખવામાં આવ્યો છે. આ પાસ કોઈપણ કમિટિ મેમ્બર પાસેથી અથવા તા. ૫-૩-૧૨ સોમવારે બપોરે ૩ થી ૪ દરમ્યાન સંસ્થાની ઓફિસમાંથી મેળવી શકાશે.

**- સંયોજક**

**કુંજુ હેમેન્દ્ર શાહ - ૯૯૩૦૭૯૪૪૨૪**

# વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

દર વર્ષે મંડળ દ્વારા શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકિયા તથા શ્રીમતી રૂપલ પ્રદીપ કડકિયા પુરસ્કૃત **TALENT APPRECIATION SCHEME** યોજના અન્વયે વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના બાળકો, યુવાન, યુવતીઓ તેમજ કોઈપણ ઉંમરની વ્યક્તિઓ, જેમણે શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં **(Achivement in the fields of Fine Arts, Music, Dance, Singing, Acting, Sports, Literature etc.)** નજીકનાં ભુતકાળ તેમજ ચાલુ વર્ષ દરમ્યાન પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું વાડસોલ ગૌરવનું સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવે છે.

વાડાસિનોર વણિક જ્ઞાતિની કોઈપણ વ્યક્તિએ જાહેર ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપ્યુ હોય કે એવી કોઈ વ્યક્તિ આપની જાણમાં હોય તો તેઓની માહિતી આપ અમને આપી શકો છો. આ યોજનામાં દશાનીમા વણિક જ્ઞાતિની બેહનો કે જેમણે પર જ્ઞાતિમાં લગ્ન કર્યા હોય તે તથા તેમના બાળકોનો પણ સમાવેશ કરવામાં આવશે. આ યોજના અંગેની વધુ માહિતી જાણકારી અંગે આપ મંડળની કારોબારી સમિતિના સભ્યોનો સંપર્ક સાધી શકો છો. સમાજનાં તેજસ્વી સિતારાઓને પ્રકાશમાં લાવી, તેઓને જાહેર સન્માન દ્વારા બિરદાવવા માટે અને આપણાં સમાજનું ગૌરવ વધારવા, આપ સૌને યોગ્ય માહિતી પાઠવવા જાહેર નિમંત્રણ.

**શૈક્ષણિક સહાય દાતાઓને અપીલ**

આ વર્ષે પણ, શૈક્ષણિક સહાયની પ્રતિવર્ષ વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં લેતા રૂા. ૧૦,૦૦૦/-ના વાર્ષિક યુનીટની દાતાઓને અપીલ કરીએ છે. આ રૂા. ૧૦,૦૦૦/- ની રકમ ડોનેશન રૂપે જમા કરી તે જ વર્ષમાં વિદ્યાર્થી મિત્રોને શિક્ષણ સહાય રૂપે આપી ઉપયોગમાં લેવામાં આવશે. આશા છે જ્ઞાતિના સખાવતી દાતાઓ તરફથી વધુ યુનીટ અમારી વાર્ષિક જરૂરિયાત મુજબ પ્રાપ્ત કરી શકીશું. આ અંગે મંડળની કાર્યવાહક સમિતિના સભ્યોનો આપ સંપર્ક સાધી શકો છો.

**અનુકરણીય દાન**

સહર્ષ જણાવવાનું કે ચાલુ માસ દરમ્યાન શ્રી રાજેશ શાંતિલાલ કડકીઆ તરફથી, સુપુત્રી શૈશવી, સોલિસિટર થવાની ખુશાલીના અવસરે રૂા. ૧,૦૦,૦૦૦ (અંકે રૂા. એક લાખ પુરા) નું દાનપ્રાપ્ત થયું છે.

મંડળ દાતાશ્રીનો હાર્દિક આભાર માને છે અને બહેન શૈશવી ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છા.

**માનદ્ મંત્રીઓ**

**શરદ નટવરલાલ દેસાઈ**

**મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

# કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ

કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ હિરક મહોત્સવ તા. ૨૨-૧-૨૦૧૨ને રવિવારના રોજ ખુબજ સુંદર રીતે ઉજવાયો. આ સમારંભમાં લગભગ એક હજાર બાલાસિનોર વાસીઓએ ઉમળકાભેર ભાગ લઈ સમારંભની શોભા વધારી હતી.

મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ સ્વાગત કર્યુ હતુ. ડૉ. રાજેશ પરીખે મુખ્ય મહેમાન ડૉ. કીરીટભાઈ મોદીનો સુંદર પરીચય આપ્યો હતો. સમારંભના મુખ્ય મહેમાન ડૉ. કીરીટભાઈ મોદીએ હોસ્પિટલની દરીદ્રનારાયણોની સેવા બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો અને કારોબારીના સભ્યશ્રીઓનું આ ભગીરથ કાર્ય બીરદાવ્યું હતું.

અતિથિ વિશેષ મુરબ્બીશ્રી મુળજીભાઈ ધારીઆ (લાલખાં) એ આશીર્વાદ આપ્યા હતા અને અતીથી વિશેષ મુ. શ્રી રમણીકલાલ ધારીઆએ હોસ્પિટલની સ્થાપનાથી આજ સુધીનો સુંદર ચિતાર આપ્યો હતો.

ભંડોળ સમિતિના કન્વેનર શ્રી યોગેશભાઈ ધારીઆ તથા પ્રોગ્રામ સમિતિના કન્વેનર શ્રી વ્રજેશભાઈ દેસાઈએ પ્રસંગને અનુરૂપ સંબોધન કર્યું હતું.

સંસ્થાને આજીવન સેવાઓ આપવા બદલ શ્રી મોહનભાઈ પરીખ (લાય) તથા મુરબ્બી શ્રી રસિકભાઈ મોદી(દેવ)નું શાલ તથા પ્રશસ્તીપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. મુ. શ્રી રસિકભાઈ મોદી(દેવ) એ તેઓના સંબોધનમાં રાહતોની જરૂરીયાત પર ભાર મુક્યો હતો અને હોસ્પિટલની કામગીરીનો સારો ચિતાર આપ્યો હતો.

આ પ્રસંગે શ્રી રજનીકાંત કાન્તીલાલ કડકીઆ (લટકારી) સ્મરણીકા કન્વેનરએ ખુબજ મહેનત તથા લગનથી તૈયાર કરેલ. આ સુંદર સ્મરણીકાનું વિમોચન મુખ્ય મહેમાન ડૉ. કીરીટભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખશ્રી મુ. શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહે પ્રસંગને અનુરૂપ લાગણીસભર પ્રવચન કર્યુ હતુ.

ત્યારબાદ મંત્રીશ્રી નીતીનભાઈ પરીખ (બખલી)એ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી ચેતન કાન્તીલાલ મોદી (બંગડી) એ ખુબજ સુંદર રીતે કર્યુ હતુ.

ત્યારબાદ નાટક 'ગાંધી તારી બીક છે, બાકી બધુ ઠીક છે'. સર્વે પ્રેક્ષકોએ માણ્યું હતું. નાટક પછી ભોજન સમારંભનો લગભગ છસો જેટલા બાલાસિનોરવાસીઓએ આનંદ માણ્યો હતો.

**હોસ્પિટલમાં દર્દીઓને બેસવા સ્ટીલના બાકડાના દાન માટે જાહેર અપીલ**

આ કાર્યક્રમમાં હોસ્પિટલમાં દર્દીઓને બેસવા સ્ટીલના બાકડા માટે રૂા. ૨૧,૦૦૧/- માટે દાતાશ્રીઓને અપીલ કરવામાં આવી હતી અને અપીલનો તાત્કાલીક પ્રતિસાદ ૧૦ બાકડા (થ્રી સીટેડ) માટે નીચેના દાતાશ્રીઓના વચન મળેલા છે.

(૧) શ્રી નિખિલ રમણીકલાલ ધારીઆ - પાંચ નંગ

(૨) મે. નટવરલાલ એન્ડ કું. પુના - એક નંગ

(૩) શ્રી કાર્તીક રસીકલાલ કડકીઆ - એક નંગ

(૪) શ્રી નીતીન નટવરલાલ દેસાઈ (નાગર) - એક નંગ

(૫) શ્રી પરેશ વીનુભાઈ મહેતા - એક નંગ

(૬) શ્રી રજનીકાંત કાન્તીલાલ કડકીઆ (લટકારી) - એક નંગ

આ સ્ટીલના બાકડા માટે વધુ દાતાશ્રીઓને આવકારવામાં આવે છે.

**સુધારો**

(૧) માહે જાન્યુઆરી ૨૦૧૨ના જ્યોતીપુંજમાં પાના નં. ૨૧ ઉપર અ.નં. (૨) માં રૂા. ૧૧,૦૦,૦૦૦/- શ્રી નીતીનભાઈ પ્રવીણચંદ્ર કચેરીઆ (ડાબોડીયા) ફીજીયોથેરાપી વિભાગના નુતનીકરણ માટે છપાયેલ છે. તેના બદલે દાતાશ્રીનું નામ તથા દાનની રકમ નીચે મુજબ વાંચવા વિંનતી.

રૂા. ૧૧,૧૧,૧૧૧/- શ્રીમતી લીલાબેન પ્રવીણચંદ્ર કચેરીઆ (ઠાસરાવાળા)ની સ્મૃતીમાં હ. શ્રીમતી નીતા નીતીન કચેરીઆ તથા તન્વી અતીથ કચેરીઆ તથા કાજલ અનુજ કચેરીઆ. (ફીજીયોથેરાપી વિભાગના નુતનીકરણ માટે)

(૨) હિરક મહોત્સવ સ્મરણિકા પાનનં. ૩૧ ઉપર શ્રીમતી મંજુલાબેન રજનીકાંત શાહ (નગર શેઠ) ઈન્ડોર વિભાગ માટે પ્રિન્ટીંગ ભુલથી રૂા. ૧,૧૧,૧૧૧/- છપાયેલ છે જે રૂા. ૧૧,૧૧,૧૧૧/- (રૂપિયા અગિયાર લાખ અગિયાર હજાર એકસો અગિયાર) વાંચવા.

**માહે જાન્યુઆરી ૨૦૧૨ના માસના જ્યોતીપુંજ પ્રસિદ્ધિ થયાબાદ ટ્રસ્ટમાં**
**વધુ નોંધાવેલ દાન તથા મળેલ વચનની યાદી.**

(૧) રૂા. ૫,૦૦,૦૦૦/- શ્રીમતી કલાબેન મહેન્દ્રકુમાર ધારીઆ તથા મહેન્દ્રકુમાર ઓચ્છવલાલ ધારીઆ (મુછારી) (બર્ન્સ વિભાગના નૂતનીકરણ માટે)

(૨) રૂા. ૨,૫૦,૦૦૦/- શ્રીમતી મંજુલાબેન કાંતીલાલ કડકીઆ (દંત વિભાગની રૂમના નૂતનીકરણ માટે ) તેઓના પૌત્ર ચિંતનના લગ્ન પ્રસંગે

(૩) રૂા. ૨,૫૦,૦૦૦/- શ્રીમતી સરોજબેન શશીકાંત દેસાઈ (દેડકી) (શોર્ટવેવ ડાયાથર્મી ડીપાર્ટમેન્ટના નામકરણ માટે)

(૪) રૂા. ૧,૧૧,૧૧૧/- શ્રી બાલાસિનોર દુધ ઉ.સ.મં.લી. બાલાસિનોર.

(૫) રૂા. ૧,૦૧,૦૦૦/- શ્રીમતી કલ્પના જગદીશ શાહ (તેઓના પુત્ર અતીતના લગ્ન પ્રસંગે)

(૬) રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રીમતી સરલાબેન નવનીતલાલ દેસાઈ (દેડકી)

(૭) રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રીમતી પદમાબેન પ્રવીણચંદ્ર દેસાઈ (દેડકી)

(૮) રૂા. ૧,૦૦,૦૦૦/- ડૉ. નીકુંજ કાન્તીલાલ પરીખ (યુ.એસ.એ)

(૯) રૂા. ૧,૦૦,૦૦૦/- ચંદનબેન મણીલાલ બાપુલાલ ગાંધી

(૧૦) રૂા. ૫૧,૦૦૦/- શ્રીમતી કોકીલાબેન રજનીકાંત ગાંધી (હરજીવન)

(૧૧) રૂા. ૫૦,૦૦૦/- શ્રી જયંતીલાલ લલ્લુભાઈ ધારીઆ (હેડમાસ્તર)

(૧૨) રૂા. ૨૫,૦૦૦/- સુષ્મા પ્રવીણ દેસાઈ

(૧૩) રૂા. ૨૫,૦૦૦/- શ્રી જીગ્નેશ પ્રમોદ ધારીઆ

(૧૪) રૂા. ૨૫,૦૦૦/- શ્રી અનિશ અરવિંદ મોદી ( કારકુન) તરફથી તેમના માતાપિતા તરૂલત્તા તથા અરવિંદભાઈ ઓચ્છવલાલ મોદી (કારકુન) ની સ્મૃતિમાં

(૧૫) રૂા. ૧૫,૦૦૦/- શ્રી વીપીનભાઈ સી. શાહ (સી.એ.) નડીઆદ.

**શ્રીમતી કોકીલાબેન જયંતીલાલ કડકીઆ (વલ્લભઘેલા) બલ્ડ ડોનેશન કેમ્પ :**

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, બાલાસિનોર તથા આપણી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે તા. ૧૦-૧-૧૨ના રોજ ઠાસરા તાલુકાના બલાઢા ગામે યોજવામાં આવેલ આ કેમ્પમાં કુલ ૪૨ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ.

**કમળાબેન ઓચ્છવલાલ કચેરીઆ સૂતીકા વિભાગ :**

માહે એપ્રીલ -૧૧ થી માહે ડીસેમ્બર-૧૧ દરમ્યાન આ વિભાગમાં કુલ ૩૪૭ ડીલેવરી થયેલ છે.

**નિરંજન ચીમનલાલ મોદી (કોલકત્તાવાળા) આઉટડોર વિભાગ :**

માહે એપ્રીલ ૧૧ થી માહે ડીસેમ્બર ૧૧ દરમ્યાન આ વિભાગમાં કુલ ૭૬૩૪૪ દર્દીઓએ લાભ લીધેલ છે.

**ઈચ્છાબેન મણીલાલ શાહ (ઝાટ) ઓપરેશન થીયેટર**

**રમેશ ચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરાવાલા) ઓપરેશન થીયેટર**

**મણીબેન સારંગી ઓપરેશન થીયેટર-**

માહે એપ્રીલ ૧૧ થી માહે ડીસેમ્બર ૧૧ દરમિયાન કુલ માઈનોર ૧૫૭૪ તેમજ મેજર ૩૧૭ મળી કુલ ૧૮૯૧ ઓપરેશનો થયેલ છે.

**રમણલાલ જેઠાલાલ કચેરીઆ સ્કીન વિભાગ :**

માહે એપ્રીલ ૧૧ થી માહે ડીસેમ્બર ૧૧ દરમિયાન આ વિભાગમાં કુલ ૨૯૫૭ દર્દીઓએ લાભ લીધેલ છે.

**શ્રીમતી ઈન્દુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) મનોચિકિત્સા વિભાગઃ**

માહે એપ્રીલ ૧૧ થી માહે ડીસેમ્બર ૧૧ દરમિયાન આ વિભાગમાં કુલ ૧૭૮૪ દર્દીઓએ લાભ લીધેલ છે.

**વિશેષ નોંધ :**

દર વર્ષની જેમ ચાલુ વર્ષે દાતાઓના સન્માન સમારંભ ગુરૂવાર તા. ૧-૩-૧૨ના રોજ સવારે ૯ કલાકે બાલાસિનોર મુકામે હોસ્પિટલના પટાંગણમાં યોજવામાં આવેલ છે. તેમજ હીરક મહોત્સવ પ્રસંગે સાસ્કૃતિક કાર્યક્રમ શનિવાર તા. ૩-૩-૧૨ ના રોજ સાંજે ૭ કલાકે સિધ્ધનાથ મહાદેવ પાર્ટીપ્લોટમાં યોજવામાં આવેલ છે.

**માનદ્ મંત્રીઓ : શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નીતીન પરીખ**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

વાડાસિનોરનાં સૌ. યુવાનો, બુદ્ધિજીવી પ્રોફેશનલ્સ તેમજ સાહસિક ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓ. આપ સર્વેને પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ સેમિનારનાં ઉપક્રમે આગ્રહભર્યુ આમંત્રણ !

પ્રથમવાર વાડસોલનીજ નારીપ્રતિભા, આમંત્રિત વક્તા તરીકે, મુખ્યમહેમાન પદે થી અનુભવ અને જ્ઞાનનાં નિચોડ થી માર્ગદર્શન કરશે.

**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દર્શના રસિકલાલ કડકીઆ (મરઘા)**

દર્શના કડકીઆ : ચાર્ટર્ડ એકાઉન્ટંટની શૈક્ષણિક અને પ્રોફેશનલ લાયકાતથી અગ્રગણ્ય બહુરાષ્ટ્રીય (મલ્ટીનેશનલ) એકાઉન્ટીંગ અને એડવાઈઝરી કંપની, ગ્રાન્ટ થોર્નટન ઈન્ડીઆની વેલ્યુએશન સર્વિસીઝ શાખામાં ભાગીદારપદ શોભાવે છે. આ પહેલાં બી.ડી.ઓ કન્સલટીંગ (પુર્વે હરિભક્તિ ગ્રુપ)માં એસોસીયેટ ડાયરેક્ટરનો હોદો પણ દીપાવી ચુક્યા છે.

**વિષય :**

**Valuations And Key Selection Factors In Making A Right Choice - With Refnce To Trade And Small Scale Industry**

**તારીખ : રવિવાર - ૨૫ માર્ચ ૨૦૧૨**

**સ્થળ : સેનેટ હોલ, સ્ટેટસ રેસ્ટોરાઁ, નરીમાન પોઈંટ, મુંબઈ**

**સ્પોનસર : શ્રી જયેશ રજનીકાંત શાહ (નગરશેઠ)**

કાર્યક્રમની નિમંત્રણ પત્રીકા તા. ૧ માર્ચ થી ૨૦ માર્ચ ૨૦૧૨ દરમ્યાન રૂા. ૧૫૦ પ્રતિ વ્યક્તિ લેખે, નીચે મુજબ સ્થળોથી મળી શકશે.

- **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ - શ્રીમતી લીલાબેન કિરીટભાઈ કડકીઆ (ફાડીઆ)**
  એડમીનીસ્ટ્રેશન હોલ, ૪૫/૪૯, બાબુ ગેનુ રોડ, ઓફ કાલબાદેવી રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨
- **મે. કડકીઆ એસોસીયેટસ**
  ૬૮/ ૭૦ નાગદેવી સ્ટ્રીટ, પહેલે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩
- વિદેશમાં વસતા, વાડસોલ વતનીઓ, મુંબઈમાં હાજર હોય તેઓને સેમિનારનો લાભ લેવા અગ્રહભર્યુ સવિશેષ આમંત્રણ. વિસ્તૃત માહિતી માટે સંયોજક શ્રી પંકજ ધારીઆનો સંપર્ક સાધવા વિનંતી. મો. ૯૮૨૧૦૨૮૭૬૨.

**પંકજ ધારીઆ - સંયોજક**
**પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ**

**દક્ષેશ કડકીઆ / રાજેન્દ્ર દેસાઈ**
**માનદ્ મંત્રીઓ**

# ગ્રામ સેવા સમાજ - બાલાસિનોર કાંતિલાલ પરીખ પબ્લીક પાર્ક

ઉપરોક્ત પાર્કના નિભાવ અને વિકાસ માટે અમારી અપીલના પ્રતિસાદમા સુંદર સહકાર દાતાઓ તરફથી મળેલ છે. આપે ફાળો નોંધાવ્યો કે નહીં પણ જ્યારે જ્યારે પ્રેરણા થાય ત્યારે અમારા કાર્યકર્તાઓનો સંપર્ક સાધશો એવી અપેક્ષા. ગ્રામ સેવા સમાજની હાલ પ્રવૃત્તિ પાર્કના નિભાવની તેમજ વિકાસની છે આપ સહુ દાતાઓના સહકારથી રૂા. ૧૫ લાખ થી વધુ રકમ ૬ થી ૭ વર્ષ દરમ્યાન મળી છે. (રૂા. ૧૫ લાખ ફીક્સ ડીપોઝીટમા બેંકમાં મૂક્યા છે, જેથી આવક રૂા. ૧,૨૫,૦૦૦) વાર્ષિક અંદાજિત થશે. પગાર અને ઈલેક્ટ્રીક બીલ અને અન્ય નિભાવ ખર્ચામાં આવકની રકમ વપરાઈ જશે. વધુ વિકાસ અને નિભાવ માટે અને મોંઘવારી વધતી જવાથી ફંડની જરૂરિયાત રહેશે. જો કોઈ ટ્રસ્ટ વાર્ષિક ધોરણે અગર દાતાઓ અવર નવર કોઈ ને કોઈ પ્રસંગે દાન આપશે તો પાર્કનો વિકાસ થતો રહેશે.

સહુને ફરી ધન્યવાદ હાલમાં નીચે મુજબ દાન મળેલ છે.

રૂા. ૨,૦૦૦/- સૂર્યબાળા રમેશચંદ્ર શાહ (ઉજડાવાળા)

રૂા.૧,૦૦૦/- દિનકરલાલ ભીખાલાલ પરીખ (અધોળી)

ઈંદિરાબેન દિનકરલાલ પરીખ (અધોળી)

સહુને અભિનંદન

**મંત્રી : - રજનીભાઈ શાહ**

**(ઠાસરાવાળા)**

# બાલાસિનોર વિદ્યામંડળ

## પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને માનનીય તથા આદરણીય મુરબ્બી શ્રી લલ્લુભાઈ રણછોડદાસ ધારીઆ (હેડમાસ્તર) પરિવાર તરફથી રૂા. ૨૫,૦૦૦/- (અંકે રૂા. પચ્ચીસ હજારનું માતબર દાન કોમ્પ્યુટર ફી રાહત માટે મળ્યા છે. સંસ્થાએ દાતાના દાનની રકમ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓના કોમ્પ્યુટર કોર્સની ફીની રાહત માટે ફાળવી છે.

સંસ્થા શ્રી લલ્લુભાઈ રણછોડદાસ ધારીઆ (હેડમાસ્તર) સમગ્ર પરિવારનો જ્યોતિપુંજના માધ્યમ દ્વારા જાહેરમાં આભાર વ્યક્ત કરે છે અને તેમના સમગ્ર પરિવારના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પરમકૃપાળુ ઈશ્વરને પ્રાર્થના કરે છે.

પરમકુપાળુ ઈશ્વરે આપણને તન, મન અને ધન આપ્યા છે. ત્રણેનો સ્વભાવ મેલા થવાનો છે. તનને આપણે સ્નાનથી, મનને ધ્યાનથી અને ધનને દાનથી શુધ્ધ કરવા જોઈએ એવી શાસ્ત્રોની આપણને આજ્ઞા છે.

**લી. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી.**

તા.ક. કોલેજના સંકુલમાં મેઈન બિલ્ડીંગના પાછળ Extension બિલ્ડીંગનું બાંધકામ લગભગ પૂર્ણ થવાની તૈયારીમાં છે. પછીથી અંદરનું ફીનીશીંગ કામ શરૂ થશે.

આવતા સત્રથી શ્રીજી કોમ્પ્યુટર લેબની પાછળ શ્રી નિરંજનભાઈ ચીમનલાલ મોદી કોમ્પ્યુટર લેબોરેટરી ભોંય તળીયે એરીયા ૮૭૨ sq.ft.(41.6 x 21) ના ખંડમાં વિદ્યાર્થીઓના લાભાર્થે શરૂ થશે. ગુજરાત સરકાર માન્ય - (કોર્સ ઓફ કોમ્પ્યુટર કનસેપ્ટ) તથા M.E.S. અને VAT *Moduler Employees Scheme અને (Vocational Traning Provider) કોર્સનું શિક્ષણ વિદ્યાર્થીઓને આપશે.

## જાહેર આમંત્રણ

**બાલાસિનોર વિદ્યામંડળ સંચાલિત સંગીતા કિરણ દોશી ચેરિટેબલ ટ્રસ્ટ આયોજીત**

## વ્યાખ્યાનમાળા

**વિષય :** શ્રી કૃષ્ણ જીવનમાં અને સાહિત્યમાં

**વ્યાખ્યાનકાર:** માનનીય ડૉ. મણિલાલ એચ. પટેલ (વિ.. સરદાર પટેલ યુનિ.)

**સ્થળ :** લાયન્સ કોમ્યુનીટી સેન્ટર, તળાવના દરવાજે, બાલાસિનોર

**સમય :** સાંજે ૫ થી ૭

**દિવસ :** ગુરૂવાર તા. ૧-૩-૨૦૧૨

**સૌને ઉપસ્થિત રહેવા અમારુ ભાવભર્યુ આમંત્રણ છે.**

**લી. જશવંતલાલ કોદરલાલ પરીખ (એડવોકેટ) - પ્રમુખ બાલાસિનોર વિદ્યામંડળ**

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) પ્રાથમિક શાળા - ધોરણ ૧ થી ૪ના નવામકાનનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. ફગવા ઉત્સવ પ્રસંગે આપ સૌ બાલાસિનોર આવો ત્યારે આ મકાનની મુલાકાત લેવા વિનંતી છે.

સાધનો, રંગરોગાન વગેરથી સજ્જ નવું મકાન, બાળકોના શિક્ષણ માટે ખૂબ જ સગવડભર્યુ થઈ પડશે એવું અમારું મંતવ્ય છે.

સરસ્વતીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા પણ એ માટે નિર્મિત મંદિરમાં કરવામાં આવનાર છે. સદર મંદિરનું નિર્માણ શાળાના પ્રાંગણમાં દાતાની મૂર્તિની સાથે જ થયું છે.

મકાન પૂર્ણ થયા પછી નીચે મુજબના ખંડોના નામકરણ માટે દાન અંગે અપીલ કરીએ છે.

૧) મલ્ટી મિડિયા વર્ગ માટે રૂા. ૨૫,૦૦૦/-
૨) ૨૦ કોમ્પ્યુટર્સ રૂા. ૩,૦૦,૦૦૦/-
૩) વર્ગ ખંડ પહેલા માળે રૂા. ૨,૫૦,૦૦૦/-
૪) આચાર્યની ઓફિસ રૂા. ૨,૫૦,૦૦૦/-
૫) બીજે માળે ટેરેસમાં સ્ટોર રૂમ રૂા. ૨,૫૦,૦૦૦/-

સૌ દાતાઓ શિક્ષણના આ કાર્યમાં ઉદાર દિલે ફાળો નોંધાવશે જ એવી અપેક્ષા.

**મંત્રીઓ : જતીન દેસાઈ, ચંદ્રકાંત દેસાઈ**
**પ્રમુખ : પ્રવીણ દેસાઈ**

### પ્રયાસ

કોઈ કામ માટે એક વાર પ્રયાસ શરૂ કર્યો હોય તો તેમાં પૂર્ણ સફળતા મેળવ્યા વિના તેને છોડવો ન જોઈએ

## શ્રીજી ને વંદના

હે શ્રીજી તારા વિચારોમાં મારી નિંદર ખોવાણી
ના દોષ તારો, ના દોષ મારો
ગયા જન્મના લેણ દેણ સારા (સર્વે)
પૂર્ણ થશે આ જન્મે સારા (૧)
નથી ઉઘંવા દેતી, કલમ તારી,
વિચારો ના વમળમાં, અટવાતી સારી.
દિમાં મન અટવાતું, સંસાર સાગરમાં,
આરામ ઝંખતું, ચિતડું-મન મારૂ! (૨)
'વેદના' ને સારી વાચા મળી છે
દર્દનો એકજ ઉપચાર મળ્યો છે!
સુખ પામવા, અષ્ટાક્ષર મંત્ર દીધો,
'શ્રી કૃષ્ણ શરમં મમ્'
ઉઠતા, બેસતાં, ખાતા પીતા ને સુતા,
મંત્ર નું રટણ ને મનન કરતો રહીશ
અંત સમયે, તું જીવન તારી જઈશ (૩)

**'ચાંદશા' : ચંદ્રકાંત શાહ (ચટઈ)**

## શ્રી વાડાસિનોર સાંસ્કૃતિક મંડળ

ઉપરોક્ત મંડળનો ૨૧માં વર્ષનો ૯મો કાર્યક્રમ તા. ૧૭-૧-૧૨ના રોજ બિરલા માતુશ્રી સભાગૃહ ખાતે યોજવામાં આવ્યો હતો. સભ્યો ઉપરાંત ૩૭૪ આમંત્રિતો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ અને અલ્પાહાર માટે શ્રીમતી શાંતાબેન કિરતનલાલ કડકીઆ (લટકારી)નો સહયોગ સાંપડયો હતો. શાલ અને મોમેન્ટોથી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

**પ્રવિણ દેસાઈ (દેડકી)**
**સંયોજક**

# Shri Vadasinor Dashanima Navyuvak Mandal Medical Trust
# VDNM Health Survey

As per Our camp details given in Jan 2012, we have already registered approx. 70 forms. Registration is still welcome till 25th Feb 2012.

**Camp Details :**

**18th March 2012 Sunday**

**Venue :** Prajapati Bramakumari prathna Hall 1st Floor, Mehta House, Chowpatty, Mumbai - 7

**Time :** 10 am. onwards for seminar with B.P. Measurement & Eye Chakup.

The health chakup of blood analysis will be at a cost of Rs. 300 (rs. Three Hundred per patient).

(Total pakage is finalized with metro polis group of lab at Rs. 800 (Rs. Eight Hundred per patient)

This inculdes the technician from lab-will come to your door step for collection of Blood Samples, he will inform you prior to one day of appointment.

Patient will have to have fasting of min 12 hrs.

Morning Regular Medicine & water can be taken. Reports also will be received by courrier at your door step.

Those who have registered with Rs. 150 paid at the time of registration have option..

1) Pay Rs. 150 extra & avail the full checkup
2) or you can take refund of Rs. 150 from the medical center, chowpaty after 18th of March 2012. No need to fill the form again

Those who will pay Rs. 300 full will have B.P. measurement, Eye chekup & Blood analysis & can also attend the seminar on heart problems & there complication lending to various illness.

**Administrater - Dr. Kinnari Sevak**
**Seceratry - Sohini Y. Kadakia, Paresh R. Parikh**

---

## શુભ લગ્ન

૧. **માનિત** સચિન પ્રવિણચંદ્ર પરીખ (બખલી), **મિલોની** દીપક ગોરડીઆ
૨. **ઈશા** નિતીન જયંતિલાલ પરીખ (બખલી), **સચિન** કિશોરભાઇ મહેતા
૩. **રાહિલ** નિકુંજ રમણલાલ કડકીઆ (મલમ), **દિશા** નાનુભાઇ શાહ

**સંસ્થા વતિ નવદંપતિઓને મંગલમય ભાવિની શુભેચ્છાઓ .**

### લગ્નપ્રસંગે મળેલાં દાન / દાન વચન

૧. શ્રી પ્રવિણચંદ્ર મુળજીભાઇ પરીખ (બખલી) તરફથી પૌત્ર માનિતનાં લગ્નપ્રસંગે
રૂ. ૧,૦૦,૦૦૦/ અંકે રૂ. એક લાખ હ.શ્રીમતિ અચલા સચિન પરીખ (બખલી)
૨. શ્રી બિપિન ભીખાલાલ કડકીઆ (ફાડીઆ) તરફથી પૌત્ર નાં લગ્નપ્રસંગે
રૂ. ૫૧,૦૦૦/ અંકે રૂ. એકાવન હજાર

**સંસ્થા દાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે છે.**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

# શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા)



## કોમ્પ્યુટર શિક્ષણ યોજના



જત જણાવવાનું કે સંસ્થાએ સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

**૨ મહીના**

**૨ મહીના**

**૩ મહીના**

**૩ મહીના**

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ફી ચેક થી પાછી આપવામાં આવશે.

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી :**

***સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી - મંત્રી : ભાવેશ મોદી***

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

1. **Dinesh M. Parikh**
   Vimal Dinesh Parikh
   Dinaco Darshan Society
   A wing, Flat No. 1, Damodar
   Mahatre Road, L.T.Road,
   Dahisar (W), Mumbai - 400068
2. **Jignesh B. Parikh**
   B-204, Ratan Tarang,
   Old Nagardas Road,
   Andheri (E), Mumbai - 400069
3. **Jitendra Shantilal Kadakia**
   704, Concord, M.G.Cross Road No. 4, Behind Patel Nagar, Kandivali (W),
   Mumbai - 67, Tel : 28621002
   Jitendra : 9869907545 / 9769202775
   Malati : 9969948753
   Email : kellen 1998@gmail.com
4. **Bhadresh Lalchand Mody**
   D-402, Rajesh Nagar C.H.S.
   Next to J.B.Khot School,
   Sai baba Nagar, Borivali (W),
   Mumbai - 92
   Tel : 9821372989 - 9322653868
5. **Nehal Chirag Mehta**
   601, Jay Amrapali CHS.
   W.B.Road, Kandar Pada,
   Dahisar (W), Mumbai - 400 068
   M. - 9920212927

## નવા ટેલીફોન નંબર

- Shella Arvind Parikh (Bangadi)
  Mobile : 9172337447

## શ્રી ગોકુલનાથજી મંદિર બાલાસિનોર

શ્રી ગોકુલનાથજી મંદિર બાલાસિનોર ગૌશાળાની કાયમી મીતી માટે નીચે મુજબના દાતાશ્રી તરફથી રૂ. ૭૫૦૦/- મળેલ છે.

દીપક ચીમનલાલ શાહ (હાથીખાનાવાળા)
બાબુલાલ ચંદુલાલ મોદી (પેપરવાળા)
કુસુમબેન પુનમચંદ પરીખ (અધોળી)
પૂનમચંદ ભીખાલાલ પરીખ (અધોળી)

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| સુરેન્દ્ર શાંતિલાલ પરીખ (સાડીવાલા) | ૭૪ |
| લીલાબેન બાબુલાલ કચેરીયા | ૮૧ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના**

## નેત્રદાન (ચક્ષુદાન) કરેલ છે



ઉમંર
વર્ષ ૭૪

સુરેન્દ્ર શાંતિલાલ પરીખ (સાડીવાલા)

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

**3rd Cover Page**




**કે.એમ.જી. હોસ્પીટલના હિરક જયંતિ પ્રસંગના મુખ્યમહેમાન ડૉ. કિરીટભાઈ મોદી,**
**પ્રમુખ શ્રી નવીનભાઈ શાહ, બાલાસિનોરના સિનિયર મોસ્ટ વડીલ શ્રી મુળજીકાકા ધારીઆ**
**તથા હોસ્પીટલના પાયાના પથ્થર અને ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રમણીકભાઈ ધારીઆ**

**હોસ્પીટલને આજીવન**
**સેવા આપનાર**
**શ્રી મોહનભાઈ પરીખ (લાય)નું**
**લાઈફટાઈમ અચીવમેન્ટ**
**એવોર્ડથી સન્માન**





**હોસ્પીટલને આજીવન**
**સેવા આપનાર**
**શ્રી રસીકભાઈ મોદી(દેવ)નું**
**લાઈફટાઈમ અચીવમેન્ટ**
**એવોર્ડથી સન્માન**